૩૦૧૩ નં.સુડા/સુ.૩/ટીપીએસ-૧૪(પાલ)/૬૩૦/ ૨૪૮૭

૧૩ ૩ -XXX ૨૦૦૧

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૪ (પાલ): સુડા:સુરત, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સત્તામંડળ દ્વારા મોજે પાલ વિસ્તારના વિકસી રહેલ વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં, નગર રચના યોજનાના વિસ્તાર માટે મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર સાથે રૂબરૂ ચર્ચા વિચારણા તથા બેઠકમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે તેમના પત્રાંક નરયો/સુરત/ટી. ૧૪(પાલ)/સુડા/૯૩/૫૨૦, તા.૩૧/૦૧/૨૦૦૦ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નક્કી કરેલ હદ માટે શરતી અનુમોદન આપેલ છે. જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા. ૮/૦૩/૨૦૦૦ ના બોર્ડ બેઠક નં. ૧૦૩ ના ઠરાવ નં.૨૦૯૨/અ થી (નકલ સામેલ છે) ઉક્ત અધિનિયમની કલમ ૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવામાં આવેલ જેના અનુસંધાને દૈનિક વર્તમાનપત્રો ગુજરાતમિત્ર તથા સંદેશમાં, અનુક્રમે તારીખ ૬/૪/૨૦૦૦ તથા તા.૭/૪/૨૦૦૦ ના રોજ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની કચેરીઓ અને સંબંધિત વિસ્તારની મહત્વની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે) પણ ઇરાદો જાહેર કરતી અધિસૂચનાની પ્રસિદ્ધિ આપવામાં આવેલી તથા ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં તારીખ ૦૩/૦૪/૨૦૦૦ ના રોજ ભાગ-૨ ના પાના નંબર ૪૬ અને ૪૭ ઉપર (નકલ સામેલ છે) જરૂરી પ્રસિદ્ધિ આપવામાં આવેલ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં તા. ૧૯/૦૪/૨૦૦૦ ના

પત્રક્રમાંક:સુડા/સુ.૩/ટીપીએસ-૧૪(પાલ)/૨૨૫૬ થી ઉક્ત વિસ્તાર બતાવતો નકશો/અધિસૂચનાની નકલ મોકલી સરકારશ્રીને જાણ કરેલ છે. (નકલ સામેલ છે.)

પ્રસિધ્ધ થયેલ ઇરાદા મુજબ, નક્કી થયેલ વિસ્તાર માટે, જરૂરી મોજણીઓ/માહિતી/કાર્યવાહીઓ પૂર્ણ કરીને સત્તામંડળ દ્વારા ઉક્ત અધિનિયમની કલમ ૪૨(૧) મુજબ તૈયાર કરેલ નગર રચના યોજનાનો મુસદ્દો/દરખાસ્તો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૯ ના નિયમો-૧૭ મુજબ જમીનમાલિકોની એક સભા/ઓનર્સ મીટીંગ બોલાવવાનું નક્કી થતાં, તે અંગે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો ''ગુજરાત-પ્રભા'' તથા ''સંદેશ'' માં અનુક્રમે તા. ૧૫/૧૧/૨૦૦૦ અને તા. ૧૩/૧૧/૨૦૦૦ ના રોજ જાહેરાત આપેલ (નકલ સામેલ છે) સદરહુ નિયમમાં જણાવ્યા પ્રમાણે જમીનમાલિકોના ઉપલબ્ધમાં સંબંધકો કે જેનાં સરનામાની જાણ હતી તેને વ્યક્તિગત રીતે નોટીસ પાઠવીને તથા સંબંધિત વિસ્તારના મહત્વની જગ્યાઓએ આ અંગેની જાહેર સૂચનાની પ્રસિધ્ધિ કરીને પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી (નકલ સામેલ છે) જે મુજબ તા. ૨૫/૧૧/૨૦૦૦ ના શનિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, કોમ્યુનીટી હોલ, ગ્રામ પંચાયત (પાલ), પંચાયત કચેરી સામે, પાલગામ, જી.સુરતના મુકામે જમીનમાલિક/હિત સંબંધિતોની મીટીંગ બોલાવેલ હતી, જે બાદ જરૂરી કાર્યવાહી કરી ઉક્ત અધિનિયમની કલમ ૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના વિધિવત રીતે પ્રસિધ્ધ કરવાનું સત્તામંડળની તા. ૧૫/૧૨/૨૦૦૦ ની બોર્ડ બેઠક નંબર ૧૦૬ ના ઠરાવ નં.૨૧૪૧ થી (નકલ સામેલ છે) ઠરાવવામાં આવેલ અને ઉક્ત અધિનિયમની કલમ ૪૨(૧) મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના અંગે જાહેરજનતાના વાંધાસૂચનો મંગાવવા માટે તા. ૧૫/૧૨/૨૦૦૦ ના અધિસૂચના નંબર/સુડા/સુ.૩/ટીપીએસ-૧૪/૭૯૬૨ થી પ્રસિધ્ધી કરવામાં આવેલ (નકલ સામેલ છે) જેની સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો ''સંદેશ'' તથા ''ગુજરાતમિત્ર'' માં અનુક્રમે તા. ૧૬/૧૨/૨૦૦૦ અને તા. ૧૯/૧૨/૨૦૦૦ થી (નકલો સામેલ છે) પણ પ્રસિધ્ધિ આપવામાં આવેલ તથા ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના ભાગ-૨ ઉપર તારીખ ૨૧/૧૨/૨૦૦૦ ના રોજ પાના નંબર ૨૦૬ અને ૨૦૭ ઉપર પ્રસિધ્ધી પામેલ છે. (નકલ સામેલ છે) જે અન્વયે ઓનર્સ મીટીંગ બાદ, સ્કીમ પ્રસિધ્ધીની સમયમર્યાદા (તા. ૨૫/૧૧/૨૦૦૦ થી તા. ૧૪/૧૨/૨૦૦૦ સુધીમાં)દરમ્યાન મળેલ વાંધાસૂચનો તથા સ્કીમની પ્રસિધ્ધી અન્વયે એક માસની કાયદાકીય સમયમર્યાદા (તા. ૧૫/૧૨/૨૦૦૦ થી તા. ૧૪/૦૧/૨૦૦૧ સુધીમાં)દરમ્યાન મળેલ વાંધાસૂચનો અને સમયમર્યાદા એટલે કે તા. ૧૫/૦૧/૨૦૦૧ પછી મળેલ

વાંધાસૂચનોની વિચારણા/પૃથ્થકરણ વિગેરે કરીને, પ્રસ્તુત સ્કીમ પ્રસિધ્ધ થયાની તારીખથી ઉકત કાયદાની કલમ ૪૮(૧) હેઠળ જરૂરી સાહિત્ય વિગેરે સહ સરકારશ્રીને સાદર કરવાની મુદત તા. ૧૪/૩/૨૦૦૧ ના રોજ પુરી થાય છે. આથી સત્તામંડળની તા. ૫/૧૨/૨૦૦૦ ની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ, પ્રસ્તુત નગર રચના યોજનાની આગળની તમામ, કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચના અન્વયે સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૪(પાલ):સુડા:સુરત, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે અને આ સ્કીમ અંગે આવેલ વાંધાસૂચનોના મુદ્દાઓ અને કાયદાકીય જોગવાઈઓ લક્ષે લઈ જરૂરી સુધારા-વધારા કરી, મંજુર પત્રકોની વિવરણની વિગતોએ ફેરફાર કરી, તદ્દાન્વયે જરૂરી સાહિત્ય તથા મૂળ વાંધાસૂચનો (અસલ એક અરજી સાથે) સામેલ રાખી રાજ્ય સરકારશ્રીને તથા અસલ અરજીની ઝેરોક્ષ નકલો પૃથ્થકરણ કરી અન્ય સેટમાં સામેલ રાખી, તે અંગેનો સત્તામંડળનો ઠરાવ હવે પછીની આગામી બોર્ડ બેઠકમાં રજુ રાખી રાજ્ય સરકારશ્રીને મોકલવામાં આવશે.

વધુમાં વિકાસ યોજનાનો વિભાગીય નકશો નગર રચના યોજના-ની હદ સહિત આ સાથે સામેલ રાખેલ છે.

આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનો/હદ વિસ્તાર અંગે અથવા યોજના મંજુર કરવા બાબતે નામદારકોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ જણાતો નથી તેમજ હાલે કોઈ કોર્ટમેટર પણ ચાલુ નથી.

સદર હકીકતે, ઉકત યોજનાને કાયદાની કલમ ૪૮/૨ ની જોગવાઈઓએ નિયત સમયમર્યાદામાં રાજ્ય સરકારશ્રીની મંજુરી આપી તેને અંતિમ કરવા સારૂનગર આયોજન અધિકારીની નિમણુંક પણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત.

<u>બિડાણ</u> ::

(૧) ઉપર મુજબ પાન નં. ૧ થી ૩
(૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો આમેજ કરતો ચોપડો નંગ-૧ જેમાં
- (ક) લીગલ ફોરમાલીટીઝ અને ડોકયુમેન્ટસ
- (ખ) ઈન્ટ્રોડકશન અને રેલીવન્ટ ફીગર્સ
- (ગ) વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણનું પત્રક

...૪/--